## 1. આજ મેં તો દીઠા વહાલાને વાટે વેહેતાં

પદ : ૧
આજ મેં તો દીઠા વહાલાને વાટે વેહેતાં,
નેણાં રોક્યાં નથી રેહેતાં રે, બેની. આજ ટેક.

પાઘડી બાંધી છે ત્રિલોકથી ન્યારી.
ધીરજ રેહેતી નથી મારી રે, બેની. આજ 1

ચોળ રંગીલો રૂડો મોલીડાંનો છેડો,
ભૂલી ભાળીને જળ બેડો રે, બેની. આજ ૨

ટુણાં ભર્યાં છે એને ફૂલડાંને તોરે,
મનને તાણે છે જોરે જોરે રે, બેની. આજ 3

બ્રહ્માનંદનો વહાલો કુંજનો વિલાસી,
હઇડે વસી છે એની હાંસી રે, બેની. આજ 4

પદ : ૨
આજ વહાલો ઉભો છે જમુનાને આરે,
મૂર્તિ વસી છે મન મારેરે હેલી. આજ ટેક.

કેસરની આડ રૂડી નલવટ કીધી,
આંખ્યું વેચાતી કરી લીધી રે હેલી. આજ 1

વાંકડી ભ્રુકુટી મુને લાગે અતિ વહાલી,
સર્વે મેલીને જાઉં ચાલી રે હેલી. આજ ૨

લોચન રંગીલાં તીખાં બાણ જેમ લાગ્યાં,
ઊંડા ગરી ગયાં આઘાં રે હેલી. આજ 3

બ્રહ્માનંદનો વહાલો કુંજનો વિહારી,
છબીપર જાઉં બલિહારી રે હેલી. આજ 4

પદ : ૩

આજ મુને સામો મળ્યો છે અલબેલો,
છોગાવાળો રંગ છેલો રે આલી. આજ ટેક.

મુંધા મૂલી રે પેહેરી મોતીડાંની માળા,
ભાલ કપોલ કેસરાલા રે આલી. આજ ૧

ગજરા પેહેર્યાં છે ઘેરા રંગના ગુલાબી,
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી. આજ ૨

બાજુ કાજુ રે લીધા ફૂલડાંનાં બાંધી,
ભ્રમર ભમે છે તાર સાધી રે આલી. આજ ૩

બ્રહ્માનંદનો વહાલો રંગડાનો ભરીયો,
લઇને હૈયામાંહી ધરીયો રે આલી. આજ ૪

પદ : ૪

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા,
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યા રે સૈર્યો. આજ ટેક.

હસીને બોલાવી મુને હેતમાંહી હેરી,
રેંટો બાંધેલ સોનેરી રે સૈર્યો. આજ 1

સોનેરી કોરનું નાખેલ ખભે શેલું,
રસીયે કીધેલ રંગ રેલું રે સૈર્યો. આજ ૨

ફૂલડાંનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં,
મુને નથી વીસરતાં રે સૈર્યો. આ૦ 3

બ્રહ્માનંદના વહાલાથી પ્રીતડી બંધાણી,
મેહેણું લીધું મેં માથે તાણી રે સૈર્યો. આજ 4

ટેક..

આજ મેં તો દીઠા વહાલાને વાટે વેહેતાં,.
આજ વહાલો ઉભો છે જમુનાને આરે.
આજ મુને સામો મળ્યો છે અલબેલો.
આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા.

**2. હરિ હૈયાના હાર છો જીરે, તમે હરિ હૈયાના હાર છો**

**પદ : ૧**

**હરિ હૈયાના હાર છો જીરે, તમે હરિ હૈયાના હાર છો,**
**સેજ તણા શણગાર છોજી.ટેક**
**મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણ તણા આધાર છો જી. તમે ૧.**
**વાલપણામાં અતિશે વ્હાલા રે, નટવર નંદકુમાર છો જી. તમે ૨**
**દુરીજનીયાંને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો જી. તમે ૩**
**મુક્તાનંદ કહે નરનાટક ધરી રે, શરણાગતના સાર છો જી. તમે ૪**

**પદ : ૨**

**નયણાં ઠરે છે જોઇને રે, મારાં નયણાં ઠરે છે જોઇને,**
**રહી છું મોહન સંગ મોહીને રે.ટેક**
**જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઇને રે. મારાં ૧.**
**લોકડીયાંની લાજ ન રાખું રે, કે" મર વેણે વગોઇને રે. મારાં ૨**
**શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઇને રે. મારાં ૩**
**મુક્તાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઇને રે. મારાં ૪**

**પદ : ૩**

**મોહ્યું નયણની સાનમાં રે, મન મોહ્યું નયણની સાનમાં,**
**વાંસલડીના તાનમાંરે.ટેક**
**કામને કાજ મુને કાંઇ નવ સુઝે રે, ગિરધરજીના ગાનમાં રે. મન ૧.**
**આંખડલી અણિયાળી જોઇને રે, કુંડળની છબી કાનમાંરે. મન ૨**
**મન ગમે તેમ મુખથી બોલું રે, જાણે બેઠી છું રાનમાં રે. મન ૩**
**મુક્તાનંદ કહે થઇ મતવાલી રે, વાલમજીના વાનમાં રે. મન૪**

**પદ : ૪**

**કાનુડા સંગ મન લાગ્યું, સૈયર મારૂ કાનુડા સંગ મન લાગ્યું,**
**વ્રેહનું તે બાણ ઉર વાગ્યું. ટેક**
**શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, અળગી નવ અનુરાગું. સૈયર ૧.**
**મોહનવર સાથે મન માન્યું રે, બીજું તે કાંઇ નવ માગું. સૈયર૨.**
**ફૂલડે સેજ સમારી સુંદર રે, વાટડી જોઇ જોઇ જાગું. સૈયર.૩**
**મુક્તાનંદ મોહનવર મળતાં રે, જન્મ મરણ દુ ખ ભાગ્યું. સૈયર. ૪**

**ટેક..**

**હરિ હૈયાના હાર છો જીરે, તમે હરિ હૈયાના હાર છો.**
**નયણાં ઠરે છે જોઇને રે, મારાં નયણાં ઠરે છે જોઇને.**
**મોહ્યું નયણની સાનમાં રે, મન મોહ્યું નયણની સાનમાં,.**
**કાનુડા સંગ મન લાગ્યું, સૈયર મારૂ કાનુડા સંગ મન લાગ્યું.**

### 3. અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા

**પદ : ૧**

અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા,
હું તો મોહી છું બાજુ કેરે બોરડે રે, આવોને અલબેલા. ૧

વહાલા ભાવે કરીને સામું ભાળતા રે, આવોને અલબેલા,
હાથે ફૂલ દડાને ઉછાળતા રે. આવોને અલબેલા...૨

માથે સુંદર છોગાં મેલતા રે, આવોને અલબેલા,
રંગભીનાજી રંગડો રેલતા રે. આવોને અલબેલા...૩

મારા તનડાંના તાપ નિવારવા રે, આવોને અલબેલા,
બ્રહ્માનંદનો જન્મ સુધારવા રે. આવોને અલબેલા...૪

**પદ : ૨**

તમને ભાવે કરીને અમે તેડીએ રે, આવોને અમ પાસે,
મરમાળા પધારો મારી મેડીએ રે, આવોને અમ પાસે. આવોને...૧

મેં તો ફૂલડે બિછાઇ સેજડી રે, આવોને અમ પાસે,
પહેરી ચટક રંગીલી ચાંખડી રે. આવોને અમ પાસે...૨

પ્યારા અંબર આભૂષણ પહેરીએ રે, આવોને અમ પાસે,
વારી હેત કરીને સામું હેરીએ રે. આવોને અમ પાસે...૩

બ્રહ્માનંદ કહે મોજુ માણીએ રે, આવોને અમ પાસે,
જગજીવન પોતના જાણીએ રે.આવોને અમ પાસે...૪

**પદ : ૩**

**વહાલાં લટકાં તમારાં જોઇને રે, કાનજી કોડીલા,**
**મારું મન રહ્યું છે મોહી ને રે, કાનજી કોડીલા...૧**

**મેં જોયા છે તમને જે ઘડી રે, કાનજી કોડીલા...**
**લીધી અવર પુરુષની આખડી રે. કાનજી કોડીલા...૨**

**રંગભીના રંગાણી તારા રંગમાં રે કાનજી કોડીલા...**
**સુખ નાવે હવે બીજા સંગમાં રે. કાનજી કોડીલા...૩**

**બ્રહ્માનંદની અરજી ઝીલજો રે, કાનજી કોડીલા...**
**મુને છેટે ઘડી નવ મેલજો રે. કાનજી કોડીલા...૪**

**પદ : ૪**

**મુને લાગી તમારી આંખડી રે, મોહન મરમાળા,**
**હું તો ઘાયલ થઇ ધરણી પડી રે, મોહન મરમાળા. મોવોને...૧**

**હવે ઘરડાનાં કામ નથી સૂજતાં રે, મોહન મરમાળા...**
**લાગ્યાં નેણાંનાં બાણ નથી રૂઝતાં રે. મોહન મરમાળા...૨**

**તારા મુખની લાગી મુને મોહનીરે, મોહન મરમાળા...**
**હું તો ભૂલી છું દૂધની દોહણી રે. મોવોને...૩**

**બ્રહ્માનંદના વહાલા તારી મૂર્તિ રે, મોહન મરમાળા...**
**એક ઘડી ન મેલું ઉરથી રે. મોહન મરમાળા ...૪**

**ટેક..**

**અલબેલાજી મારે ઓરડે રે, આવોને અલબેલા.**
**તમને ભાવે કરીને અમે તેડીએ રે, આવોને અમ પાસે.**
**વહાલાં લટકાં તમારાં જોઇને રે, કાનજી કોડીલા.**
**મુને લાગી તમારી આંખડી રે, મોહન મરમાળા.**